હિંમતનગરમાં બેંકના ખાતામાંથી ૫.૮૬ લાખનો ઉપાડ કરી છેતરપીંડી કરાતા ફરીયાદ

અજાણ્યા શખ્સે એક જ એટીએમથી છ કાર્ડનો ઉપયોગ કર્યો હોવાનું અનુમાન

હિંમતનગર, તા. ૬

હિંમતનગરના ન્યાયમંદિર વિસ્તારમાં આવેલ પંજાબ એન્ડ સીંધ બેંકના એટીએમમાંથી મંગળવારે અજાણ્યા શખ્સે છ વખત અંદાજે રૂ. ૫.૮૬ લાખનો ઉપાડ કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કર્યાની ફરીયાદ હિંમતનગર બીડીવીઝન પોલીસસ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે પંજાબ એન્ડ સીંધ બેંકના ન્યાયમંદિર શાખાના મેનેજર કુમાર પ્રભાકરસિંહ ક્રિષ્ણચંદ્રસિંહ સિંગે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ મંગળવારે સાંજે સાડા આઠેક વાગ્યા સુમારે બેંકના એટીએમમાં ત્રણ અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરીને એટીએમ કાર્ડની મદદથી રૂપીયાનો ઉપાડ કર્યો હતો. જેમાં આ અજાણ્યા શખ્સોએ વિવિધ છ એટીએમ કાર્ડ ખાતામાંથી ડેબીટ થયા વગર ઉપાડ કરીને અંદાજે રૂ. ૫.૮૬,૫૦૦નો ઉપાડ કરી દીધો હતો અને તે અંગે તરત જ ડેબીટ ન થવાને કારણે બેંકને જાણ થઈ ન હતી.

તેમ છતા બેંકના મેનેજર કુમાર પ્રભાકરસિંહે સીસીટીવી ફુટેઝને આધારે અભ્યાસ કર્યા બાદ ત્રણ અજાણ્યા શખ્સો વિરૂદ્ધ બેંક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી થયાની ફરીયાદ હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે કેટલાક ભેજાબાજો ખાતેદાર તથા જે તે બેંકની જાણ બહાર પૈસાનો ઉપાડ કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરવાના બનાવો વધી રહ્યા છે ત્યારે શિક્ષિત અને અશિક્ષિત બેંકના ખાતેદારોએ એટીએમ કાર્ડનો ઉપયોગ કર્યા બાદ તમામ વિગતો એટીએમના કેન્સલ બટન દબાવીને દુર કરવી હિતાવહ છે.

હિંમતનગરમાં કોરોનાના ત્રણ કેસ સાથે જિલ્લામાં નવા આઠ કેસ

હિંમતનગર,તા. ૬

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના શહેરી વિસ્તારમાં બુધવારે નવા ત્રણ કેસ સાથે જિલ્લામાં કુલ નવા આઠ કેસ નોંધાયા છે. જેની સાથે જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસનો કુલ આંક ૧૯૫૫ થયો છે.

આરોગ્યવિભાગના જણાવાયા મુજબ બુધવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં જે નવા આઠ કેસ નોંધાયા છે તેમાં હિંમતનગરની ગોલ્ડનપાર્ક સોસાયટીમાં ૫૬ વર્ષિય પુરૂષ, ગણપતિ મંદિર પાસે ૨૮ વર્ષિય મહિલા અને મારૂતીનગરમાં રહેતા ૨૮ વર્ષિય પુરૂષ કોરોનાની ઝપટમાં આવી ગયા છે. તેજ પ્રમાણે ઈડરની શ્રીનગર સોસાયટીમાં ૫૫ વર્ષિય મહિલા તથા તાલુકાના માનગઢ ગામમાં ૭૦ વર્ષિય મહિલા, તલોદ તાલુકાના રોજડ ગામમાં ૩૨ વર્ષિય મહિલા અને ઈડરના કહાનનગર સોસાયટીમાં ૪૮ વર્ષિય પુરૂષ ઉપરાંત વિજયનગરની શાળા નં. ૨ પાસે રહેતા ૨૩ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ભિલોડા તાલુકા વિકાસ અધિકારી પત્રકારનું નામ સાંભળતા જ માનસિક સંતુલન ગુમાવતા હોવાની ચર્ચા

પત્રકારોએ ઓફિસમાં આવવું નહિ..!!

ભિલોડા, તા. ૬

અરવલ્લી જીલ્લામાં આવેલી સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ પ્રજાજનો સાથે બેહુદુ વર્તન કરતા હોવાથી અનેક કડવા અનુભવ થઈ રહ્યા છે, ત્યારે ભિલોડા તાલુકાના વિકાસ અધિકારી ડી.બી. ચાવડા પત્રકારનું નામ પડતાની સાથે અગમ્ય કારણોસર ભડકી જઈ જાણે માનસિક સંતુલન ગુમાવી દેતા હોય તેમ પત્રકારોએ ઓફિસમાં આવવું નહીં અને મને પત્રકારોના ખરાબ અનુભવ હોવાનું જણાવી ભિલોડાના સ્થાનીક પત્રકારો સાથે ઉદ્ધતાઈપૂર્વક વર્તણુક કરતા પત્રકાર આલમમાં ઉગ્ર રોષ ફેલાવાની સાથે અચરજ ફેલાયું છે.

ભિલોડા તાલુકાના વિકાસ અધિકારી ડી.બી. ચાવડા તાલુકાના પ્રજાજનો સાથે સત્તાના જોરે ધમકાવતા હોવાની અને કામ ટલ્લે ચઢાવતા હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. તાલુકા વિકાસ અધિકારી ડી.બી. ચાવડા પાસે ભિલોડાના સ્થાનીક પત્રકારો પાલ્લા ગામે

થયેલ દબાણ અંગે માહિતી મેળવવા પહોંચ્યા હતા ત્યારે તાલુકા વિકાસ અધિકારી પત્રકારો જોઈ ઓફિસમાં કોઈપણ પત્રકારે ઓફિસમાં આવવું નહિ...નું જણાવી ઉદ્ધતાઈપૂર્વક વર્તણુક કરી હતી. પત્રકારોએ તેમ છતાં જનહિતમાં માહીતી જરૂરી હોવાથી પૂછતાછ કરતા મામલો કોર્ટમાં હોવાનું જણાવી વધુ એકવાર પત્રકારો સામે તાડુક્યા હતા અને ભૂતકાળમાં મને પત્રકારોના બહુ ખરાબ અનુભવ હોવાનું જણાવી ઓફિસ બહાર જતા રહેવા આદેશ કરતા પત્રકારો સમસમી ઉઠ્યા હતા. માહિતી મેળવવા પહોંચેલ બંને પત્રકારો સ્થાનિક ભિલોડા પંથકમાં સજ્જન વ્યક્તિ તરીકે જાણીતા હોવાથી તેમની છબીને દાગ ન પડે તે માટે સ્થળ છોડી દીધું હતું.

પત્રકારો સાથે બેહુદુ વર્તન કરતા તાલુકા વિકાસ અધિકારી ડી.બી. ચાવડા પોતાને બાહુબલી સમજતા હોવાની અને અનેકવાર પ્રજાજનો સામે શેખી મારતા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. ત્યારે જીલ્લા વિકાસ અધિકારી ડૉ.અનીલ ધામેલીયા અને જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર આવા દબંગગિરી કરનાર તાલુકા વિકાસ અધિકારી સામે શિક્ષાત્મક પગલાં ભરવામાં આવેની માંગ પત્રકાર આલમમાં ઉઠી છે.

આ અંગે તાલુકા વિકાસ અધિકારી ડી.બી. ચાવડાનો ટેલિફોનિક સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો હતો પણ સંપર્ક થઈ શક્યો ન હતો.

પ્રાંતિજ ઉમાધામ ખાતે નારી સંમેલન યોજ્યું

આશા વર્કર બહેનો તેમજ મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ગુજરાત રાજય મહિલા આયોગ અને જિલ્લા વહીવટી તંત્ર સાબરકાંઠાના

સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજય મહિલા આયોગ ગાંધીનગર દ્વારા પ્રાંતિજ ખાતે નારી સંમેલન યોજ્યું હતુ.

પ્રાંતિજ ઉમાધામ ખાતે રાષ્ટ્રીય મહિલા મોરચાના ઉપપ્રમુખ કુ.કૌશલ્યા કુવરબાની અધ્યક્ષતામા નારી સંમેલન યોજ્યું હતું. આ સંમેલનમાં નારી અદાલત વિશેની સમજ તેમજ મહિલા સશક્તિકરણ અંગેની ચર્ચાઓ કરવામાં આવી હતી. કુ.કૌશલ્ય કુંવરબાએ જણાવ્યુ હતુ કે હવે મહિલાઓ રસોડામાંથી બહાર નિકળી ફાઈટર પ્લેન ઉડારતી થઈ છે અને આજે દીકરા-દીકરી વચ્ચે કોઈ ભેદ રહ્યા નથી જેમાં પ્રાંતિજ સહિત તાલુકાની મહિલાઓ ઉપસ્થિત રહી હતી. ઉપસ્થિત વક્તાઓ દ્વારા મહિલા સશક્તિકરણ અને મહિલા વિષયક તમામ યોજનાની જાણકારી આપી નારીશકિત વિષે કાનુની સહિત માર્ગદર્શન પુરૂ પાડયું હતું. આ પ્રસંગે કું.કૌશલ્યા કુંવરબા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી આર.કે. રાજન, પ્રાંતિજ-તલોદ પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયા, પ્રાંતિજ તાલુકા વિકાસ અધિકારી નીતિનભાઈ પટેલ, પ્રાંતિજ તાલુકા અગ્રણી રણજિતસિંહ, આઈસીડીએસ અધિકારી તેજલબેન તેમજ આંગણવાડી કાર્યકર બહેનો આશા વર્કર બહેનો તેમજ મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી .

પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકા આરોગ્ય કર્મચારીઓની મીટીંગ યોજાઈ

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આરોગ્ય કર્મચારીઓની ગ્રેડ-પે પડતર પ્રશ્નો સહિતની માગણીઓને લઈને પ્રાંતિજ ખાતે મીટીંગ યોજાઈ હતી.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શ્રી દશામાના હોલ ખાતે આજરોજ પ્રાંતિજ તાલુકા આરોગ્ય કર્મચારીઓની પડતર પ્રશ્નો સહિત ગ્રેડ-પે ને લઈને મીટીંગ યોજાઈ હતી જેમાં પ્રાંતિજ તાલુકાના આરોગ્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લામાથી પણ મંડળના પ્રમુખ આશીષભાઈ બ્રહ્મભટ્ટ, જિલ્લા ઉપપ્રમુખ આચાર્ય નિલમબેન, જિલ્લા સંગઠન મંત્રી ગૌત્તમ વાળંદ સહિત આરોગ્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સરકાર દ્વારા માગણીઓ નહી સ્વિકારવામાં આવે તો જલદ આંદોલન સહિત પોલિયો, વેકસીનની રસી સહિતની કામગીરીનો બહિષ્કાર કરવાની ચિમકી પણ ઉચ્ચારી છે.

આમ આદમી પાર્ટી અરવલ્લી જીલ્લાના કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે આમ આદમી પાર્ટી પ્રદેશ ઉપ પ્રમુખ શ્રી ભેમાભાઈ ચૌધરી તથા સંગઠન મંત્રી શ્રી રમેશભાઈ નાભાણી તથા શ્રી મનહરદાન ગઢવી સાહેબ ના હસ્તે કાર્યાલય ખુલ્લું મુકવામા આવ્યુ જેમા આમ આદમી પાર્ટી ના અરવલ્લી જીલ્લા પ્રમુખ શ્રી ડી બી ડામોર , ઉપપ્રમુખ શ્રી ઉસ્માન લાલા તથા પોપટભાઈ બારીયા તથા મહિલા મોરચાના પ્રમુખ શ્રીમતિ હંસાબેન પાટીલ તેમજ અરવલ્લી જિલ્લાના છ તાલૂકા પ્રમુખો તથા અન્ય હોદ્દેદારો તથા જીલ્લાના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહેલ આમ આદમી પાર્ટી ગુજરાતમા સ્થાનીક સ્વરાજની ચૂંટણીઓ તથા નગરપાલિકાઓની તમામ બેઠકો ઉપર ચૂંટણી લડવા જઈ રહી છે જેમા અરવલ્લી જીલ્લાની જીલ્લા પંચાયત તથા તાલૂકા પંચાયત , નગરપાલિકાની તમામ બેઠકો ઉપર ઉમેદવારો ઉભા રાખી ભાજપ કૉંગ્રેસ ની સામે વિકલ્પ પૂરો પાડવા કમર કસી છે.

ચોરોએ માસ્ક કારોનાથી બચવા નહીં સીસીટીવી કેમેરા ઢાંકવા ઉપયોગ કર્યો

મોડાસામાં ભંગારની દુકાનમાથી પાંચ લાખના ભંગારની ચોરી કરી છુ

મોડાસા, તા. ૬

હાલ કોરોનાનું સંક્રમણથી બચવા અને સંક્રમણ અટકાવવા માસ્ક પહેરવું ફરજીયાત છે, ત્યારે માસ્કની મદદથી અનેક ચોર-લૂંટારું ટોળકી ચોરીની ઘટનાને અંજામ આપવા માસ્કનો ભરપૂર ઉપયોગ કરી રહ્યા છે. ત્યારે મોડાસા શહેરના હજીરા વિસ્તારમાં ભંગારની દુકાનમાં ત્રાટકેલા તસ્કરોએ દુકાન બહાર લાગેલા સીસીટીવી કેમેરાને માસ્કથી ઢાંકી ૫ લાખ રૂપિયા જેટલા તાંબા, એલ્યુમિનિયમ અને પિત્તળનો ભંગારની ચોરી કરી ફરાર થઈ જતા હજીરા વિસ્તારમાં ધંધો કરતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે. મોડાસા શહેરમાં પોલીસતંત્રની કામગીરી સામે સતત સવાલો પેદા થઈ રહ્યા છે, ચોરીની ઘટનાના પગલે મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે દોડી રાબેતા મુજબની કાર્યવાહી હાથ ધરી હતી. શહેરમાં નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવવા લોકમાંગ પ્રબળ બની છે સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી.

મોડાસાના હજીરા વિસ્તારમાં નંદુ દાલબાટી સામે આવેલ જય અંબે પટેલ નામની ભંગારની દુકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા, તસ્કરો ચોરીની ઘટનાને અંજામ આપે તે પહેલા દુકાન બહાર લગાડેલ સીસીટીવી કેમેરાને એક તસ્કરે પહેરેલ માસ્ક કાઢી ઢાંકી દીધો હતો ત્યારબાદ શટરનું લોક કાપી દુકાનમાં રહેલો તાંબા, એલ્યુમિનિયમ અને પિત્તળનો અધધ ૧૦૦૦ થી વધુ કિલો ભંગારની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. દુકાન માલિક

પન્નાજી ગણાજી કુંપાવત બીજા દિવસે સવારે દુકાને પહોંચતા દુકાનનું તાળું તૂટેલું જોતા જ દુકાનમાં ચોરી થઈ હોવાનું જણાઈ આવ્યું હતું. આ અંગે મોડાસા ટાઉન પોલીસને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરી દુકાનમાલિકની ફરિયાદના આધારે અજાણ્યા ચોર ઈસમો સામે ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. ટાઉન પોલીસે સીસીટીવી કેમેરાનું રેકોર્ડિંગના આધારે પોલીસને પડકાર ફેંકનાર તસ્કર ટોળકીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

હિંમતનગર નાગરિક બેંકની ચૂંટણીમાં વધુ ૧૬ ઉમેદવારી પત્રો ભરાયા

ગુરૂવારે ઉમેદવારી પત્રો ભરવાની આખરી મુદત : ૮ જાન્યુઆરી બાદ ઉમેદવારોનું આખરી ચિત્ર સ્પષ્ટ થશે

હિંમતનગર, તા. ૬

હિંમતનગરની વેપારીઓની બેંક તરીકે ઓળખાતી નાગરિક બેંકના ૧૩ ડિરેક્ટરો માટેની ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે ત્યારે બુધવારે ઉમેદવારી પત્રો ભરવાના બીજા દિવસે વધુ ૧૬ ઉમેદવારી પત્રો ભરાયા છે. જેને લઈને બે દિવસમાં કુલ અંદાજે ૩૧ ઉમેદવારી પત્રો ભરાઈ ચૂક્યા છે. જોકે ગુરૂવારે ઉમેદવારી પત્રો ભરવાની આખરી મુદત છે ત્યારે હજુ વધુ ઉમેદવારી પત્રો ભરાવાની શક્યતા નકારી શકાતી નથી.

આ અંગે બેંકના ચૂંટણી અધિકારી કનુભાઈ સોનીના જણાવાયા મુજબ નાગરીક બેંકની ૧૩ બેઠકો માટે આગામી તા. ૧૭ જાન્યુઆરીએ મતદાન થનાર છે ત્યારે તે સંદર્ભે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા મંગળવારથી શરૂ થઈ ચુકી છે. પ્રથમ દિવસે ૧૫ ઉમેદવારી પત્રો ભરાયા હતા જ્યારે બીજા દિવસે એટલે કે બુધવારે વધુ ૧૬ ઉમેદવારી પત્રો ભરાયા છે જે મુજબ સામાન્ય વિભાગમાં ૧૨, મહિલા વિભાગમાં ૧ અને અનુસુચિત જાતિ વિભાગમાં ૩ ઉમેદવારી પત્રો ભરાઈ ચૂક્યા છે.

જો કે જાહેરનામામાં જણાવાયા મુજબ ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી મુદત તા. ૭ જાન્યુઆરીને બપોરે ત્રણ વાગ્યા સુધીની રખાઈ છે જેથી છેલ્લા દિવસે વધુ ઉમેદવારી પત્રો ભરાવાની શક્યતા નકારી શકાતી નથી. આ વખતની ચૂંટણીમાં કેટલાક નવા મુરતીયાઓએ ઝંપલાવ્યુ હોવાનું ઉમેદવારી પત્રો પરથી જણાઈ આવે છે. સાથોસાથ હજુ તો ગુરૂવારે ઉમેદવારી પત્રો ભરવાની મુદત પૂર્ણ થાય તે પહેલા ચૂંટણીના કેટલાક જાણકારોએ પેનલો બનાવવાની પેરવી શરૂ કરી દીધી છે. જો કે હાલ તો ચૂંટણીમાં ઉમેદવારી પત્રો ભરનાર દાવેદારે સોશિયલ મિડિયાના માધ્યમથી મતદારોનો સંપર્ક શરૂ કરી દીધો છે અને એક મત આપવા પણ અપીલ કરતા સંદેશાઓ મોકલવાનું શરૂ કરી દીધુ છે.

જુનાડીસા બેંક મેનેજર ઉપર ગ્રાહકનો જીવલેણ હુમલો

નાણાં ઉપાડવા આવેલ યુવકે લાફો ઝીંકી દેતા ફરિયાદ

ડીસા, તા. ૬

ડીસા નજીક આવેલા જુનાડીસા ગામે મંગળવારે બેંકમાં નાણાં ઉપાડવા આવેલા એક ગ્રાહકે એગ્રીકલચર મેનેજરને ગાળો બોલી ઝપાઝપી કરીને લાફો ઝીંકી દીધો હતો. જે બાબતે બેંક મેનેજરે યુવક વિરુદ્ધ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. બનાવના પગલે પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

જુનાડીસા ખાતે આવેલી બેંક ઓફ બરોડામાં એગ્રીકલચર મેનેજર તરીકે બે વર્ષથી કપિલ સુબેસિંગ ચૌધરી (રહે. હાલ ડીસા) ફરજ બજાવે છે. ગત મંગળવારે બેંક મેનેજર કપિલ ચૌધરી ફરજ ઉપર બેંકિંગ કામગીરી કરતા હતા તે દરમિયાન ભાવેશ જસવંતભાઈ અનાવાડિયા નામનો યુવક બેંકમાં આવેલો અને મેનેજરને કહેવા લાગેલ કે મારે પૈસા ઉપાડવા છે. તે દરમિયાન મેનેજર કપિલ ચૌધરીએ કહેલ કે તમે લાઇનમાં ઉભા રહો પછી તમારો નંબર આવશે. તેવું કહેતા ભાવેશ અનાવાડિયા અચાનક ઉશ્કેરાઈ ગયેલો અને ગાળો બોલવા લાગેલ. જેથી મેનેજરે કપિલ ચૌધરીએ ગાળો બોલવાની ના પાડતા તેમનો કોલર પકડી લાફો મારી ઝપાઝપી પણ કરેલ અને તને સસ્પેન્ડ કરાવી નાખીશ તેવી ધમકીઓ આપી જતો રહેલ. બનાવના પગલે હાજર ગ્રાહકો ફફડી ઉઠ્યા હતા. સરકારી અધિકારી સાથે અભદ્ર વર્તન બદલ ગામલોકોમાં પણ તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતા.

ડીસાના રાજપુર નજીકથી મૃત ભ્રૂણ મળતા ચકચાર

ડીસા પંથકમાં છેલ્લા ઘણા સમયથી મૃત ભ્રૂણ મળવાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે, ત્યારે બુધવારે સવારે શહેરના રાજપુરથી ભોપાનગર જવાના રોડ ઉપર આવેલ અમન પાર્ક પાસેથી એક બાળકનું મૃત ભ્રૂણ મળતા ચકચાર મચી ગઈ છે. આ બનાવની જાણ થતાં લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા અને પોલીસને જાણ કરતા દક્ષિણ પોલીસની ટીમ તુરંત સ્થળ ઉપર પહોંચી જઈ તપાસ હાથ ધરી છે.

આ બનાવની વિગત એવી છે કે ડીસા શહેરના રાજપુરથી ભોપાનગર જવાના માર્ગ ઉપર આવેલ અમન પાર્ક પાસે કોઈ બુધવારે વહેલી સવારે બાળકનું મૃત ભ્રૂણ ફેંકી ગયું હતું. જેની જાણ સ્થાનિકોને થતા લોકોના ટોળેટોળાં એકત્ર થઈ ગયા હતા અને આ અંગે પોલીસને જાણ કરતા શહેર દક્ષિણ પોલીસની ટિમ તુરંત ઘટના સ્થળે દોડી આવી હતી. અને મૃત ભ્રૂણ પીએમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

સણથ ગામે ખેતરમાંથી મળેલ માતા-પુત્રીની મૃતદેહનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલાયો

ડીસા તાલુકાના સણથ ગામમાં ખેતરમાંથી બે દિવસ પહેલાં મળેલ માતા-પુત્રીની લાશ સંદર્ભે ભીલડી પોલીસે ત્રણ આરોપીને ઝડપી પાડી ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી દીધો હતો. આરોપીઓએ છોકરી ભાગી જવાના મુદ્દે બંધક બનાવ્યા બાદ ભાગી છુટેલી માતા પુત્રી ઝાટકા મશીનથી કરંટ લાગતા મોતને ભેટી હોવાનું ખુલ્યું હતું.

બે દિવસ અગાઉ ૪ જાન્યુઆરીના રોજ ડીસાના સણથ ગામના અમરતભાઈ ભીખાભાઈ રબારીના ખેતરમાંથી કાંકરેજ તાલુકાના શિયા ગામની ગીતાબેન સરતનભાઈ રબારી (ઉંમર વર્ષ ૪૧)અને તેમની પુત્રી મીનલબેન સરતનભાઈ રબારી (ઉંમર વર્ષ ૧૫) ની રહસ્યમય હાલતમાં લાશ મળી આવી હતી. ઘરેથી પિયર જવા નીકળેલી અને સણથમાં કોઈ સ્વજન પણ ન હોવા છતાં લાશો મળતા પોલીસ માટે ભેદ ઉકેલવો કોયડો બની ગયું હતું. જો કે ભીલડીના પી. એસ. આઈ. એ. બી. શાહે સ્ટાફના સહયોગથી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. જેમાં બાતમીદાર અને મોબાઈલ કોલ ડિટેઈલ્સના આધારે ઝીણવટભરી તપાસ કરતા મૃતક ગીતાબેન સરતનભાઈ રબારી કુંવારા યુવકોને છોકરી લઈ આપવા એજન્ટનું કામ કરતી હતી. જેમાં ડીસા તાલુકાના સાંડિયા ગામના રમેશભાઈ ભાણજીભાઈ રાવળના નાના ભાઈ માટે લગ્ન કરવા છોકરી જોઈતી હતી. જેથી તેણે તેના મામાના છોકરા પ્રવીણભાઈ કાનજીભાઈ રાવળ (ગામ ભદ્રવાડી તાલુકો કાંકરેજ)

ને વાત કરી હતી. જેના પગલે શિયા ગામમાં રહેતી અને રૂપિયા લઈને સાબરકાંઠાની છોકરીઓ સાથે લગ્ન કરી આપતી ગીતાબેન રબારી સાથે લગ્ન કરાવવાની વાત કરવામાં આવી હતી. જેમાં બે માસ પહેલા દોઢ લાખ રૂપિયામાં છોકરીનો સોદો કરીને સાંડિયા ગામના પ્રવીણભાઈ ભાણજીભાઈ રાવળ સાથે લગ્ન કરાવવામાં આવ્યા હતા. પરંતુ ત્રણ દિવસ રહીને છોકરી ભાગી ગઈ હતી. જેથી રમેશભાઈ ભાણજીભાઈ રાવળ તેમજ તેના મામાના દિકરા પ્રવીણભાઈ કાનજીભાઈ રાવળે રૂપિયા પરત લેવા માટે સાંડિયા ગામના તેમના ખેતરમાં બન્ને માતા-પુત્રીને બે દિવસથી બંધક બનાવેલ હતી અને રૂપિયા આપશો ત્યારે જ તમને છોડવામાં આવશે તેવી માગણી કરી હતી. જો કે માતા-પુત્રી મોકો જોઈને રાત્રીના સુમારે ભાગી ગયા હતા.જેમાં ચાલતા ચાલતા બાજુના સણથ ગામના અમરતભાઈ ભીખાભાઈ રબારીના ખેતરમાં લગાવેલા ઝાટકા મશીનના વાયરે અચાનક અડી જતાં કરંટ લાગતા બન્નેનું ઘટના સ્થળે મોત થયુ હતું. જેમાં ખેતર માલિક અમરતભાઈ ભીખાભાઈ રબારી સામે મનુષ્ય વધનો ગુનો નોંધીને તેમને જેલના સળીયા પાછળ ધકેલવામાં આવ્યા હતા. જ્યારે બીજા બે આરોપી રમેશભાઈ ભાણજીભાઈ રાવળ અને પ્રવીણભાઈ કાનજીભાઈ રાવળને પણ ઝડપી પાડી જેલ હવાલે કરી દીધા હતા. ભિલડી પોલીસે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી દેતા પંથકમાં પોલીસની કામગીરી પ્રશંસાને પાત્ર બની છે.

પ્રાંતિજ ખાતે તાલુકા-શહેર કોંગ્રેસ સમિતિની બેઠક યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે તાલુકા શહેર કોંગ્રેસ સમિતિની બેઠક યોજાઈ હતી જેમાં તાલુકા-શહેર કોંગ્રેસ પદાધિકારી કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ શ્રી મહાકાલી મંદિર ખાતે પ્રાંતિજ તાલુકા-શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લાના નવનિયુક્ત પ્રમુખ કમલેશભાઈ પટેલનો સત્કાર સમારંભ તેમજ પૂર્વ જિલ્લા પ્રમુખ મણીભાઈ પટેલ દ્વારા થયેલ કાર્યોને બિરદાવવામા આવ્યા હતા અને આવનારી તાલુકા જિલ્લા પંચાયતની ચૂંટણીને લઈને બેઠકમાં ચર્ચાઓ પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે પૂર્વ જિલ્લા પ્રમુખ મણીભાઈ પટેલ, જીલ્લા પ્રમુખ કમલેશભાઈ પટેલ, પુર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પૂર્વ તાલુકા પ્રમુખ કાળુસિંહ રાઠોડ, તાલુકા પ્રમુખ નરેન્દ્ર ભાઈ પટેલ, રેખાબેન સોલંકી, જિલ્લા સદસ્ય રામસિંહ પરમાર, નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા દિપ્તીબેન હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, નિરૂબેન પટેલ, મનહરભાઈ પેઈન્ટર, હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો સહિત કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન નૂતનભાઈ દ્વારા હાથ ધરવામાં આવ્યું.